# રજાઓ અંગેની વિગતો

સંકલન : જે. એમ. માંગરોલીયા

| રજાનો પ્રકાર | કેટલા દિવસની મળે ? | શરતો | કોણ મંજૂર કરી શકે. |
|---|---|---|---|
| પરચુરણ રજા (વિનિયમ ૩૦(૨) | દરેક શૈક્ષણિક વર્ષોમાં વધુ ૧૫ રજા | - સામાન્ય રીતે ૩ દિવસ કરતા વધારે ન હોય તેટલા દિવસની રજા એકસાથે ભોગવી શકાય. (અપવાદરૂપ સંજોગોમાં એકસાથે ૧૦ દિવસ)<br>- બે કરતા વધારે ન હોય એટલી જાહેર રજા... પરુચરણ રજાની આગળ કે પાછળ કે આગળ-પાછળ બંને સાથે જોડીને ભોગવી શકાય. જો જોડેલી રજા બે કરતા વધે તો તે પરચુરણ રજા ગણાશે...<br>- બે પરચુરણ રજાના ગાળા વચ્ચે આવતી જાહેર રજા કે રવિવાર પરચૂરણ રજા ગણાશે.<br>- હંગામી કર્મચારીને પણ મળવાપાત્ર છે. | શાળાના વડા |
| અર્ધપગારી રજા વિનિયમ ૩૦(૩) | દરેક વર્ષની ૧લી જાન્યુઆરી અને ૧લી જુલાઈએ ૧૦-૧૦ રજાના હિસાબમાં આગોતરી જમા કરવાની રહે છે. | - શાળાના કાયમી કર્મચારીને તબીબી પ્રમાણપત્ર ઉપરથી અથવા બીજી રીતે દરેક પૂરા વર્ષની નોકરી માટે ૨૦ દિવસ સુધીની અર્ધપગારી રજા મંજૂર કરી શકાશે.<br>- અર્ધપગારી રજાની વધુમાં વધુ મુદત એકીસાથે ૧૨૦ દિવસ પુરતી મર્યાદીત રહેશે.<br>- ફક્ત કાયમી કર્મચારીને જ મળવાપાત્ર છે. | ૧૫ દિવસ સુધીની મુદતની રજા શાળાના વડા અને તેથી વધુ મુદત માટે શાળા સંચાલક મંડળ |
| રૂપાંતરીત રજા વિનિયમ ૩૦(૪) | લેણી નીકળતી અર્ધપગારી રજાના અર્ધોથી વધારે નહી તેટલી રૂપાંતરીત રજા મળવાપાત્ર છે. | - સમગ્ર નોકરી દરમ્યાન રૂપાંતરીત રજા વધુમાં વધુ ૨૪૦ દિવસ પુરતી મર્યાદીત રહેશે.<br>- ફક્ત કાયમી કર્મચારીને જ મળવાપાત્ર છે. | શાળા સંચાલક મંડળ |
| વગર પગારની રજા વિનિયમ ૩૦(૫) | સમગ્ર નોકરી દરમ્યાન વધુમાં વધુ ૩૬ માસ | - સમગ્ર નોકરી દરમ્યાન વગર પગારની રજા વધુમાં વધુ ૩૬ માસ પુરતી મર્યાદીત રહેશે.<br>- વિનિયમ મૂજબ બીજી કોઈ રજા મળવાપાત્ર ન હોય અથવા કર્મચારી વગર પગારની રજાની લેખિત માગણી કરે તો રજા મંજૂર કરી શકાય.<br>- એકસાથે વધુમાં વધુ ચાર માસની મંજૂર કરી શકાય. જો કર્મચારી ક્ષય કે રક્તપિત જેવા રોગની સારવાર નીચે હોય તો એકસાથે ૧૨ માસની રજા મંજૂર કરી શકાય. | (૧) ૧૫ દિવસની મર્યાદામાં શાળાના વડા<br>(૨) ચાર માસ સુધીની મર્યાદામાં શાળા સંચાલક મંડળ<br>(૩) ચાર માસથી વધુની મર્યાદમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી શાળા સંચાલક |

આળસ એક પ્રકારની હિંસા છે.

| રજાનો પ્રકાર | કેટલા દિવસની મળે ? | શરતો | કોણ મંજૂર કરી શકે. |
|---|---|---|---|
| હક્ક રજા | વર્ષ દરમ્યાન દરેક સત્ર દિઠ | - ચાર માસથી વધુ મુદતની આ પ્રકારની રજા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવ્યા બાદ મંજૂર કરી શકાય.<br>- ફક્ત કાયમી કર્મચારીને જ મળવાપાત્ર છે. | મંડળ |
| વિનિયમ ૩૦(૭)<br>વળતર રજા | ૧૫ મુજબ વધુમાં વધુ ૩૦ જમા આપવાની રહે છે.<br>કામના દિવસો જેટલી | - બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા આચાર્ય કોઈપણ વેકેશન માટે હક્કદાર ન હોવાથી તેમને નોકરીના દરેક વર્ષદીઠ ૩૦ હક્ક રજા મળવાપાત્ર છે જે સર્વિસબુકમાં જમા કરવાની રહે છે.<br>- બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકો કે જેઓ વેકેશન માટે હક્કદાર છે તેઓને જો વેકેશનના સમયગાળામાં સરકારી/બોર્ડની કામગીરી માટે ફરજિયાત રોકવામાં આવે તો તેઓએ નહીં ભોગવેલ વેકેશનના સમયગાળા માટે જી.સી.એસ.આર.નાં સુધારેલા રજાના નિયમો ૯ અને ૯(અ)ની જોગવાઈઓ મુજબ હક્કરજા મળવાપાત્ર છે જે કર્મચારીની સર્વિસબુકમાં જમા આપવાની રહે છે.<br>- આ પ્રકારની લેણી નીકળતી હક્કરજા ૩૦૦ દિવસની થાય કે તરત જ તે પ્રાપ્ત થતી બંધ થશે.<br>- ફક્ત કાયમી કર્મચારીને જ મળવાપાત્ર છે. | (૧) ૧૫ દિવસની મર્યાદામાં શાળાના વડા<br>(૨) ૧૫ દિવસથી વધુ શાળા સંચાલક મંડળ |
| (વિનિમયમાં સમાવેશ નથી.)<br>પ્રસુતીની રજા | ૧૩૫ દિવસ | - જો જાહેર રજા કે રવિવારના દિવસોમાં ફરજ સમયગાળામાં સરકારી/બોર્ડની કામગીરી માટે રોકવામાં આવે ત્યારે કર્મચારીને કામના દિવસો જેટલા દિવસની રજા મળવાપાત્ર છે.<br>- આ પ્રકારની રજા સર્વિસબુકમાં જમા લેવાની કે ઉધારવાની થતી નથી.<br>- સામાન્ય રીતે આ રજા જે તે શૈક્ષણિક વર્ષમાં ભોગવી લેવાની હોય છે. | શાળાના વડા |
| વિનિયમ ૩૦(૬)(અ) | | - જે મહિલા કર્મચારીએ એક વર્ષ કરતા વધારે નોકરી કરી હોય અને જે એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને મળવાપાત્ર છે. | શાળા સંચાલક મંડળ |

| રજાનો પ્રકાર | કેટલા દિવસની મળે ? | શરતો | કોણ મંજૂર કરી શકે. |
|---|---|---|---|
| પિતૃત્વની રજા | ૧૫ દિવસ | - જે મહિલા કર્મચારીએ બે કે બે વર્ષ કરતા વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને આ રજા પૂરા પગારે મળવાપાત્ર છે.<br>- જે મહિલા કર્મચારીએ બે વર્ષ કરતાં ઓછી નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને આ રજા અર્ધા પગારે મળવાપાત્ર છે.<br>- સહાયકોને પણ મળવાપાત્ર છે. | |
| ૩૦(૬)(અ) | | - એ પુરુષ કર્મચારીને કે જેને બે કરતાં ઓછા બાળકો હયાત હોય તેને પત્નીની દેખરેખ માટે પિતૃત્વની રજા મળવાપાત્ર છે. | શાળાના વડા |